# રાજકોટ મહાનગરપાલિકા
## (બગીચા શાખા)

**વિષય :- તા.૨૦/૧૧/૨૦૨૩ ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નો જવાબ**

**સભ્યશ્રીનું નામ :- શ્રી ભારતીબેન પાડલીયા**

<table>
<tr><th>પ્રશ્ન ક્રમ<br>(૧૦)</th><th>પ્રશ્નની વિગત</th><th>જવાબ</th></tr>
<tr><td>પ્રશ્ન નં.૧૦(૧)</td><td>રામવનમાં અત્યાર સુધીમાં કૂલ કેટલા મુલાકાતીઓએ મુલાકાત લીધી? પ્રતિ વ્યક્તિ દીઠ કેટલી ટિકિટ? લોકો માટે ત્યાં કઈ કઈ પ્રાથમિક સુવિધા છે? દીવ્યાંગ મુલાકાતીઓ માટે શું વ્યવસ્થા છે? રામવનની સફાઈ અંગેની જવાબદારી કોની? રામવનમાં ઉગાડવામાં આવેલ વૃક્ષોની નિભાવણી કોને કરવાની?</td><td>
• રામવનમાં તા.૩૧-૦૮-૨૦૨૨ થી તા.૦૭-૧૧-૨૦૨૩ સુધીમાં કૂલ <u>૩,૬૦,૫૫૩</u> મુલાકાતીઓની સંખ્યા આવેલા છે.<br>
• <u>પ્રતિ વ્યક્તિ દીઠ ટિકિટનો દર નીચે મુજબ છે.</u><br>
<table><tr><td>બાળકો (૩ થી ૧૨)</td><td>રૂ. ૧૦/- પ્રતિ વ્યક્તિ</td></tr><tr><td>વયસ્ક (૧૨ વર્ષથી ઉપર)</td><td>રૂ. ૨૦/- પ્રતિ વ્યક્તિ</td></tr></table>
• <u>રામવનમાં લોકો માટેની પ્રાથમિક સુવિધાઓ નીચે મુજબ છે.</u><br>
➢ ટોયલેટ બ્લોક 3 નંગ<br>
➢ ચિલ્ડ્રન પ્લે-ગ્રાઉન્ડ<br>
➢ 150 ની કેપેસિટીનું એમ્ફીથિયેટર<br>
➢ આર્ટીસ્ટીક બેન્ચ 25 નંગ<br>
➢ ગજેબો 8 નંગ (2 આર્ટીસ્ટીક અને 6 સાદા)<br>
➢ 3 નંગ હાઇ માસ્ટ લાઈટ,<br>
➢ વોચ ટાવર (૨ નંગ),<br>
➢ રેસ્ટિંગ પોઇન્ટ તરીકે ૬૭૦૦ ચોરસ મીટરનો લોનપ્લોટ.<br>
• દીવ્યાંગ મુલાકાતીઓ માટે વ્હીલ ચેરની વ્યવસ્થા ત્યાં ખાતે આવેલ ટિકિટ બારીમાં વિના મુલ્યે રાખવામાં આવે છે.<br>
• <u>રામવનમાં સફાઈ અંગેની જવાબદારી નીચે મુજબ છે.</u><br>
➢ રામવનમાં બ્લોક વૃક્ષારોપણ, મીયાવાકી વૃક્ષારોપણ, ગાર્ડન, બાલક્રીડાગણ, સ્ટેચ્યુની આસપાસની હેઝ, તળાવો તથા તળાવોની આસપાસનું બ્યુટીફીકેશન,ઓફીસ બિલ્ડીંગ, એમ્ફીથિયેટર તથા ગજેબો વગેરેની સફાઈની જવાબદારી ગાર્ડન શાખાની છે.<br>
➢ રામવન ખાતે આવેલ મુખ્ય રસ્તાઓ તથા ટોયલેટ બ્લોક વગેરેની સફાઈની જવાબદારી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની છે.<br>
• રામવન ખાતે ઉગાડવામાં આવેલ વૃક્ષોની નિભાવણીની જવાબદારી ટેન્ડર મુજબ તા.30-૦૮-૨૦૨૩ સુધી આ કામના વૃક્ષારોપણના કોન્ટ્રાક્ટરની હતી. આ કામે વિશેષ સમયગાળા માટે વૃક્ષારોપણ નિભાવ માટેની ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે.
</td></tr>
</table>

નિયામક,
બાગ – બગીચા,
રાજકોટ મહાનગરપાલિકા